# સ્વરૂપતારતમ્યખંડન

- અસિત શાહ

## સ્વરૂપતારતમ્યવિચાર એ પુષ્ટિમાર્ગથી અધઃપતનની ખાઈ છે

૩૧-૮-૯૦

પ્રતિ,
પૂ.ગો.શ્રીરસિકરાયજી,
સંપાદકશ્રી, નવપ્રકાશ.

વિષય - નવપ્રકાશ ઓગસ્ટ '૯૦ના અંકમાં છપાયેલ
"સ્વરૂપ...દીવાદાંડી છે" લેખ.

આપશ્રીની પત્રિકામાં ઉપરોક્ત લેખ વાંચી આઘાત લાગ્યો, કેમકે આ લેખ સર્વથા માર્ગના સિધ્ધાન્તોથી વિપરીત છે. વલ્લભપાદપદ્મમિલિન્દ આમે ય સત્સંગ, વૈષ્ણવવાણી વગેરે સામાયિકોમાં તેમના સેવાદ્વેષ, માર્ગનિષ્ઠાભાવ અને આચાર્યવચનો તથા પદોના વિકૃત અર્થઘટનથી સભર બેફામ લેખો લખવા માટે નામચીન છે. આપશ્રી તો અગાઉના સંપાદકીય લેખોમાં ખુલાસો કરી ચૂક્યા છો તેમ તટસ્થભાવે ઉદારતાથી આપની કશી ટિપ્પણવિના આવા ગેરમાર્ગે દોરવનારા લેખોથી સહમત ન હોવા છતાં તેમને છાપી દેતા હો છો અને લેખોની સિધ્ધાન્તયુક્તતા કે ઉપાદેયતા મૂલવવાનું કામ વાચકોની નીરક્ષીરવિવેકબુધ્ધિપર છોડી દેતા હો છો. તેથી એ જાગૃત વાચકોનું કર્તવ્ય છે કે છપાતા લેખોની સત્યાસત્યતાને તેઓ પડકારે. આ એક તેવો જ પ્રયાસ છે. આશા છે કે આપ આને પણ ન્યાય આપી તેવા જ તાટસ્થ્યથી છાપશો.

ઉપરોક્ત લેખ ખરેખર જોઈએ તો લેખકના સંપ્રદાયના અજ્ઞાન અને અધૂરા જ્ઞાનના પ્રદર્શનરૂપ છે. તેથી અહીં અજ્ઞાનપ્રસૂત વિધાનોને આચાર્યવચનોથી અને અર્ધજ્ઞાનપ્રસૂત વિધાનોને લેખકે બતાવેલ પ્રમાણના પારંપરિક યથાર્થ અર્થઘટનથી નિરાધાર ઠેરવવાનો પ્રયાસ કર્યો છે.

### સિધ્ધાન્તવિરહોન્મત્તપ્રલાપ

"આ સિવાયના ભૂતલના ભગવદ્સંબંધી ભૌતિક અધ્યાસવાળા દૈવી પરિકરમાં આનંદનો અભાવ ( નિરાનંદત્વ ) થઈ જાય છે. ભૂતલમાં ભગવદ્સંબંધી જે કાંઈ છે તે ભૌતિકસંબંધયુક્ત હોવાથી તેના સંબંધનો આનંદ અલ્પ છે ( આ આનંદ વિષયાનંદરૂપ બની જાય છે ). આવા અલ્પ આનંદવાળા ભગવદ્સંબંધમાં નિત્યલીલાસ્થ સ્વરૂપના જ્ઞાનવાળા કેમ અટકે? નિત્યલીલાસ્થ



સ્વરૂપનો આનંદ અગણિત છે અને ભૂતલસંબંધી ભગવદ્સ્વરૂપનો આનંદ ( દૈવીજીવોની ભૌતિક અવસ્થાને કારણે ) અલ્પ હોય છે. તેથી નિત્યલીલાસ્થ સ્વરૂપના જ્ઞાનવાળા ભક્તને ભૂતલના ભૌતિક વિલાસમાં સ્વસ્થતા થતી નથી".

### આચાર્યવચન

(ક) "યદા બહિર્મુખાઃ યૂયં ભવિષ્યથ કથંચન, તદા કાલપ્રવાહસ્થાઃ દેહચિત્તાદ્યોપ્યુત, સર્વથા ભક્ષયિષ્યન્તિ યુષ્માન્ ઈતિ મતિર્મમ, ન લૌકિકઃ પ્રભુ કૃષ્ણઃ મનુતે નૈવ લૌકિકં, ભાવસ્તત્રાપિ અસ્મદીયઃ સર્વસ્વશ્ચૈહિકશ્ચ સઃ, પરલોકશ્ચ તેન અયં સર્વભાવેન સર્વથા, સેવ્ય સએવ ગોપીશઃ વિધાસ્યતિ અખિલં હિ નઃ" – શિક્ષાશ્લોકી.

(ખ) "પરિચર્યાં સદા કુર્યાત્ તદ્રૂપં તત્ર ચ સ્થિતં, સાકારવ્યાપકત્વાત્ ચ મન્ત્રસ્યાપિ વિધાનતઃ, શ્રીકૃષ્ણં પૂજયેદ્ ભક્ત્યા યથાલબ્ધોપચારકૈઃ. ટીકા – "અયમેવ અસ્ય માર્ગસ્ય પ્રકારઃ ઉત્તમઃ યન્મૂર્તૌ કૃતં સર્વં ભગવતિ કૃતં ભવતિ. તત્ર મૂર્તેઃ ભગવત્ત્વં ત્રેધા નિરૂપયતિ 'તદ્રૂપમ્' ઈતિ, વસ્તુવિચારેણ સર્વસ્યાપિ ભગવદ્રૂપત્વાત્. વિશેષસ્તુ અયમ્ઃ એનમ્ ઉધ્ધરિષ્યામિ ઈતિ. તદા મૃદાદેઃ પ્રાદુર્ભૂતો ભક્તિમાર્ગાનુસારેણ આહ 'તત્ર ચ સ્થિતમ્' ઈતિ, મૂર્તૌ સ્થિતમ્. ... સર્વે કટકાદ્યુપચારાઃ ભગવદવયવેષુ એવ સાક્ષાત્કૃતા ભવન્તિ" – સર્વનિર્ણય.

(ગ) "ભગવાનેવ હિ ફલં સ યથા આવિર્ભવેદ્ ભુવિ" – પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ.

આમ બન્ને એક જ હોવાથી જો ભૂતલસંબંધી ભગવદ્સ્વરૂપનો આનંદ અલ્પ હોય તો તેવું જ નિત્યલીલાસ્થ સ્વરૂપનું હશે. જો આચાર્યચરણોએ તેમના હૃદયસર્વસ્વરૂપ શ્રીઠાકોરજી તેમના સેવકોને માથે પધરાવી આપ્યા હોય અને તે અલ્પાનંદ હોય તો તેનો અર્થ એ કે આપશ્રીઓના હૃદયમાં તો ભૂતલપર લીલા કરનાર પ્રભુ જ સર્વદા બિરાજે છે, અને આપને જ અગણિતાનંદનો અનુભવ ન થયો હોય તો આપના અનુયાયીઓને ક્યાંથી થવાનો? કૂવામાં હોય તો હવાડામાં આવે ને! જો ભૂતલસ્થ શ્રીઠાકોરજી નિત્યલીલાસ્થ શ્રીઠાકોરજીથી ભિન્ન હોય તો તેમની સમક્ષ બ્રહ્મસંબંધદીક્ષા કેવી રીતે લેવાય? કે ગદ્યમન્ત્ર બોલતાં તેમને શ્રીગોપીજનોના પ્રિય કેવી રીતે કહેવાય? કે "આપના વિયોગથી થતા તાપાદિનો તિરોભાવ થયો છે" એમ કેમ કહેવાય? કે સન્મુખમાં લીલાના પદો કેવી રીતે ગવાય? જો ભેદ હોય તો ભૂતલસ્થ સ્વરૂપની સેવા કરતાં ગોપાલદાસ જટાધારી કે અષ્ટસખાઓ કે સેઠ પુરુષોત્તમદાસ આદિ ચૌરાસી વૈષ્ણવો કે કૃષ્ણભટ્ટ, ભોળા પટેલ આદિ બસોબાવન વૈષ્ણવોને નિત્યલીલાના અનુભવો કેમ થયા? અને તે પછી ય તેઓ સેવા કેમ કરતા જ રહ્યા? જો

ભૂતલસ્થ સ્વરૂપ અગણિતાનંદ હોય તો જ "આવા અલ્પઆનંદવાળા ભગવદ્સંબંધમાં" "નિત્યલીલાસ્થ સ્વરૂપના જ્ઞાનવાળા" અટકે.

જો કોઈને એવો ભ્રમ હોય કે શ્રીનાથજી તથા સાત બાલકોના સેવ્ય શ્રીનિધિસ્વરૂપો જ ફક્ત નિત્યલીલાસ્થ અને પૂર્ણાનંદ છે, અન્ય નહીં, તો તેનું નિરસન કરી શ્રીહરિરાયજી 'સ્વરૂપતારતમ્યનિર્ણય' ગ્રંથમાં અંતે આજ્ઞા કરે છે— "યસ્તુ તત્કુલપ્રતિષ્ઠાપિતસ્વરૂપસ્ય તદુક્તમાર્ગમર્યાદયા સર્વભાવેન સર્વદા યાવજ્જીવં સેવાં ચેત્ કુર્યાત્ તદા તાદશસ્યાપિ સ્વાધિકારાનુસારેણ દેહાન્તે પૂર્વોક્તપ્રકારેણ સેવાફલં ભવતિ ઇત્યત્ર ન કિંચિદ્ અનુપપન્નમ્". ખરેખર એ કેટલી દુઃખદ વાત છે કે રામાનુજ-માધ્વ-ચૈતન્યાદિ મતવાળા દ્વૈતવાદી હોવા છતાં તેમના પૂજ્યસ્વરૂપોને નિઃશંક સાક્ષાત્પુરુષોત્તમ તરીકે ભક્તિથી પૂજતા હોય છે અને આપણે સાકારબ્રહ્મવાદૈકસ્થાપકના અનુયાયી થઈને પોતાને માથે બિરાજતા સેવ્યસ્વરૂપોને પુરુષોત્તમ ન હોવાનું પ્રમાણપત્ર કોઈ સંકોચ રાખ્યા વિના જાહેરમાં છડેચોક આપતા ફરીએ છીએ! ને તે ય સુંદર પદો, સહસ્રશ્લોકીભાવના અને શિક્ષાપત્ર જેવા ગ્રંથોના રચયિતા "શ્રીહરિરાયજી આવી આજ્ઞા કરે છે" એ ખુલાસા સાથે! ખેર, શ્રીહરિરાયજીના નામે અપસિધ્ધાન્તોનો પ્રચાર કરી "ઉજ્જડ ગામમાં એરંડો પણ પ્રધાન બને" એ કહેવતને સાર્થક કરી પ.ભ. કે બાપા બની જનારામાં લેખક કાંઈ પહેલવહેલા નથી.

રહી વાત દૈવી પરિકરની. તો આચાર્યચરણ "તથા કાર્યં સમર્પ્યૈવ સર્વેષાં બ્રહ્મતા તતઃ, ગંગાત્વં સર્વદોષાણાં ગુણદોષાદિવર્ણના, ગંગાત્વે ન નિરૂપ્યા સ્યાત્ તદ્વદ્ અત્રાપિ ચૈવ હિ" એ તથ્યને પોતાના સિધ્ધાન્તનું રહસ્ય કહે છે એ જ સ્પષ્ટ ખુલાસો છે દૈવી પરિકરના દિવ્ય હોવાનો. નિબંધમાં આચાર્યચરણ આજ્ઞા કરે છે— "બ્રહ્માનન્દે પ્રવિષ્ટાનાં આત્મનૈવ સુખપ્રમા, સંઘાતસ્ય વિલીનત્વાદ્ ભક્તાનાં તુ વિશેષતઃ, સર્વેન્દ્રિયૈઃ તથાચાન્તઃકરણૈઃ આત્મનાપિ હિ, બ્રહ્મભાવાત્તુ ભક્તાનાં ગૃહેએવ વિશિષ્યતે". આની ટીકામાં આપ આજ્ઞા કરે છે— "અતો ભક્તાનાં જીવન્મુક્ત્યપેક્ષયા ભગવત્કૃપાસહિતગૃહાશ્રમએવ વિશિષ્યતે". ભક્તિમાર્ગની એ જ તો વિશેષતા છે કે કેવળ આત્મા જ નહીં, ભગવદ્સંબંધી સર્વ સ્થાવર-જંગમ વસ્તુઓ આનંદાત્મક થઈ જાય છે. નવરા બેઠા શેખચલ્લીની માફક નિત્યલીલાનું ધ્યાન કરવું હોય તો જ્ઞાનમાર્ગ જ શું ખોટો છે?

અસલમાં "સન્ત્યજ્ય સર્વવિષયાન્" વાંચતા વાંચતા તો ત્યાગનો ઉપદેશ આપવાનું લોકોને જોશ ચઢી જાય છે. આધુનિક જીવો માટે તે પ્રકારનો ત્યાગ અપેક્ષિત ન હોવાથી જ આપે ખાસ સંન્યાસનિર્ણય ગ્રંથ રચ્યો. શ્રીહરિરાયજી તેથી જ સ્વમાર્ગમર્યાદાનિરૂપણમ્ ગ્રંથમાં આજ્ઞા કરે છે— "દૈહિકં ચાખિલં કૃષ્ણસેવાર્થે ચ તથેન્દ્રિયં, ... યેનૈવ કૃષ્ણસમ્બન્ધો ધર્મઃ સો અત્ર નિરૂપ્યતે, ... જ્ઞાનમાર્ગપરિત્યાગઃ શૂન્યત્વાત્ સ નિરર્થકઃ, ભક્તિમાર્ગપરિત્યાગે સર્વં ભગવદર્થકં, પરમાનંદસમ્બન્ધિ સફલં સર્વથા મતમ્".



આમ સેવ્યસ્વરૂપ કે દૈવી પરિકરને ભૌતિક કે તત્સમ્બન્ધી આનંદને વિષયાનંદ કે અલ્પ કહેવો માર્ગના ઘોર અજ્ઞાનનું પ્રદર્શન છે.

"નિત્યલીલાસ્થ સ્વરૂપ અગણિતાનંદરૂપ છે તેવું જ્ઞાન શ્રીગોપીજનોને રસાત્મક સ્વરૂપની કૃપાથી થયું તેથી અવતારસ્વરૂપે અને આ સ્વરૂપે કરેલી લીલા આનંદથી નિરપેક્ષ થઈ ગયા" એમ કહેવાનો લેખકનો આશય ન સમજાયો. જો આપણે પણ તેથી સેવા ન કરતાં સેવ્યસ્વરૂપથી નિરપેક્ષ થઈને રહેવું એવો તેમનો આશય હોય તો એ આચાર્યચરણનો આશય નથી, કેમકે આપ તો "ભગવદ્રૂપસેવાર્થં તત્સૃષ્ટિઃ ન અન્યથા ભવેદ્" આજ્ઞા કરે છે. કોઈ સેવા ન કરતો હોય તો તેની પુષ્ટિસૃષ્ટિસ્થતા સંદિગ્ધ છે. ષોડશગ્રંથ-નિબંધ-ભાષ્ય જોયા વિના વેણુગીતસુબોધિનીના "ગૂઢ આશયો" શોધવાનું દુઃસાહસ મેં ખેડ્યું ન હોવાથી વિશેષ તો ખબર નથી, પણ સામાન્ય રીતે એટલું તો જરૂર કહી શકું કે વ્રજભક્તોના ભાવોના ભાવન સુધી તો ઠીક છે પણ તેમની કૃતિનું આંધળું અનુકરણ કરી માર્ગની મર્યાદાનું ઉલ્લંઘન કરવું બુધ્ધિમાનનું કામ નથી. જે વ્રજભક્તોને છાજે તે આપણને નહીં છાજે. ગુરુઓના ગુરુત્વની ગરિમા સમજવી જોઈએ. આ માટે પ્રમેયરત્નાર્ણવનો પુષ્ટિમાર્ગીયફલવિવેક નિબંધ જોવો જરૂરી છે.

કહેવાય છે કે જ્ઞાન ઉત્તમ, અજ્ઞાન સારું, પણ અધૂરું જ્ઞાન બહુ જોખમી અને હાનિકારક હોય છે. આ લેખ વાંચી મને પણ તેવું જ લાગ્યું. અધૂરા જ્ઞાનથી નિકળતા નિષ્કર્ષો ખરા નિષ્કર્ષોથી કેટલા છેટેના હોઈ શકે તે અહીં દર્શાવું છું.

### ઊંટવૈદું

"... આપણા જ આધિદૈવિક સ્વરૂપથી નિત્યલીલાધામમાં પ્રવેશ કરી પ્રાણનાથની સાક્ષાત્ તત્સુખાત્મક સેવાનું સૌભાગ્ય સિધ્ધ થાય તેના માટેનું સાધન (આપણી ભૂતલસ્થિતિમાં) નિરોધલક્ષણ ગ્રંથમાં આપની આજ્ઞાનુસાર 'તસ્માત્ સર્વં પરિત્યજ્ય નિરુધ્ધૈઃ સર્વદા ગુણાઃ,, સદાનન્દપરૈર્ગેયા સચ્ચિદાનંદતા તતઃ' ઉપરોક્ત શ્લોકાનુસાર આપશ્રીનું યશોગાન કરવું અને 'હરિમૂર્તિઃ સદા ધ્યેયા સંકલ્પાદપિ તત્ર હિ' આ શ્લોકમાં કહ્યા મુજબ આપશ્રીના સ્વરૂપનું ધ્યાન સદા કરતા રહેવું. ... તેથી જે પ્રકાર બને છે તે નીચેના શ્લોકમાં કહે છે: 'ક્લિશ્યમાનાન્ જનાન્ દૃષ્ટ્વા કૃપાયુક્તો

યદા ભવેત્, તદા સર્વં સદાનન્દં હૃદિસ્થં નિર્ગતં બહિઃ'. ... આધિદૈવિક તનુનવત્વતા સિધ્ધ કરી લીલાધામમાં પ્રવેશ કરાવે છે''.

### યથાર્થચિકિત્સા

લેખકને અહીં સર્વપરિત્યાગથી સેવાદિનો ત્યાગ અપેક્ષિત હોય તો તેવો અર્થ કોઈ ટીકાકારે લીધો નથી. અહીં કર્મ-જ્ઞાનાદિ માટેના પ્રયાસોના ત્યાગની વાત છે. આ નિરોધલક્ષણ ગ્રંથ તો ષોડશગ્રંથમાં પંદરમો ગ્રંથ છે; તેની આગળના ગ્રંથોમાં સાગ્રહ સેવાની અવશ્યકર્તવ્યતા અને ફલરૂપતાનું વિશદ પ્રતિપાદન છે. તેથી અહીં સેવાના ત્યાગનો ઉપદેશ માનવો નરી મૂર્ખતા છે. વળી અહીં સાન્નિધ્યમાત્રદત્તશ્રીકૃષ્ણપ્રેમા આચાર્ય નિરોધલીલારત શ્રીકૃષ્ણના ગુણગાનનો ઉપદેશ આપે છે, પોતાના ગુણગાનનો નહીં. આપને કદી પણ એવો વાલ્લભપંથ અભિપ્રેત નથી જેમાં આપ જ ઈષ્ટદેવ હોય. આ તો આજકાલના કહેવાતા પુષ્ટિમાર્ગીઓએ રચેલ માર્ગનિષ્ઠા તોડવાનું ષડયંત્ર છે. ''શ્રીમહાપ્રભુજીની જ સેવા-કથા કરવી. કેમકે તેઓ 'વસ્તુતઃ કૃષ્ણએવ' છે. તેથી કૃષ્ણની સેવા ન કરવી'' —આવું સ્પષ્ટીકરણ (!) ડાળીને છેડે બેસી તેના મૂળપર કુહાડો મારવા જેવી મૂર્ખતાનું પ્રદર્શન છે. ખેર.

''હરિમૂર્તિઃ...'' શ્લોકમાં કેવળ ધ્યાન અને સંકલ્પની જ વાત નથી; આગળ આવે છે: ''દર્શનં સ્પર્શનં સ્પષ્ટં તથા કૃતિ-ગતી સદા, શ્રવણં કીર્તનં સ્પષ્ટં ... યસ્ય વા ભગવત્કાર્યં ...''. આમ અહીં સર્વેન્દ્રિયોના ભગવદ્વિનિયોગની વાત છે. અને તે પણ હરિમૂર્તિ (સેવ્યસ્વરૂપ) પ્રત્યે, આચાર્યચરણ પ્રત્યે નહીં. આ ઉપદેશનું પાલન કૃષ્ણસેવાથકી જ થઈ શકે, નિત્યલીલાના ગપાટા મારવાથી નહીં. આનું પ્રયોજન પણ આચાર્યચરણે ''સંસારાવેશદુષ્ટાનામ્ ઈન્દ્રિયાણાં હિતાય વૈ, કૃષ્ણસ્ય સર્વવસ્તૂનિ ભૂમ્નઃ ઈશસ્ય યોજયેત્'' કહીને અહીં જ બતાવ્યું છે. આ શ્લોક જ એ વાતનું પ્રમાણ છે કે ઈન્દ્રિયો ભગવદ્વિનિયોગ કર્યા પછી ભૌતિક કે લૌકિક નથી રહી જતી, સ્વરૂપાનંદનો અનુભવ કરાવનારી થઈ જાય છે. તેવું જ સેવામાં વિનિયોગ કરાયેલ સર્વ વસ્તુઓનું છે. તેથી જ આ સાધનાને આચાર્યચરણ ''નાતઃ પરતરો મન્ત્રો નાતઃ પરતરઃ સ્તવઃ, નાતઃ પરતરા વિદ્યા તીર્થં નાતઃ પરાત્પરમ્'' કહીને બિરદાવે છે. વાર્તાઓ વાંચતા આપણને પણ આ વાતની પ્રતીતિ થાય છે કે ઝારીજી માટે જલ ભરવા માટેના પ્રત્યેક પગલાંનું પુણ્ય સ્વર્ગપ્રાપ્તિ કરાવવા સક્ષમ છે. જો તે જલ કે તે ભરવાની ક્રિયા માત્ર ભૌતિક કે લૌકિક હોય તો આમ થાય?

રહી વાત સદાનંદ હૃદયસ્થ પ્રભુના બહાર પ્રકટ થઈ તનુનવત્વ પ્રાપ્ત કરાવવાની. તો આચાર્યચરણ દશમસ્કંધસુબોધિનીજીના પ્રારંભમાં કારિકાથી



આ વાતનો ખુલાસો કરી દે છે: ''યાવદ્ બહિઃસ્થિતો વહ્નિઃ પ્રકટો વા વિશેત્ ન હિ, તાવદ્ અન્તઃસ્થિતોપ્યેષઃ ન દારુદહનક્ષમઃ, એવં સર્વગતો વિષ્ણુઃ પ્રકટશ્ચેન્ન તદ્ વિશેત્, તાવન્ન લીયતે સર્વમ્ ઈતિ કૃષ્ણસમુદ્યમઃ''. આની ટીકામાં શ્રીલાલુભટ્ટજી કહે છે: ''સ્વચ્છંદલીલાભિઃ ભગવાન્ નિરોધ્યભક્તાનાં દેહાદિસકલપ્રપંચે સ્વાનન્દં પ્રવેશયન્ તિરોહિતાનન્દમપિ આવિર્ભાવયતિ, તતો ભગવદાનન્દાનુભવયોગ્યાલૌકિકદેહત્વપ્રાપ્તૌ જાડ્યાદિરૂપપૂર્વ-પ્રપંચાભાવો લીયતે''. આમ તનુનવત્વની સિધ્ધિ બાહ્યતયા ભૂતલસ્થ સેવ્યસ્વરૂપ સ્વાનંદનો અનુભવ કરાવે ત્યાર પછી જ થાય છે. આના અનુસંધાનમાં નિરોધલક્ષણના શ્લોકને જોતાં સ્પષ્ટ છે કે બહાર પ્રકટ સ્વરૂપ ભક્તહૃદયમાં પણ પોતાના આનંદનો પ્રવેશ, અન્ય ઈન્દ્રિયાદિની માફક જ, કરાવે છે. અને ભક્ત ક્લેશ પામે ત્યારે હૃદયમાંથી બહાર પણ પ્રકટ થઈ ક્લેશને બદલે આનંદનો અનુભવ કરાવે છે. જેમ વ્રજમાં વિવિધ લીલાઓ દ્વારા વ્રજભક્તોને સ્વાનંદનું દાન કરી તેમના નિરોધ કર્યો અને મહારાસ પહેલાં આપ અન્તર્ધાન થતાં ગોપીજનોને ક્લેશ થયો ત્યારે કૃપા કરી હૃદયમાંથી પ્રકટ થઈ મહારાસ કર્યો. જેમ શ્રીમદનમોહનજીએ પુરુષોત્તમદાસ સેઠના બેટા ગોપાલદાસનો સેવાથકી નિરોધ કર્યો અને તેમને વિરહ થતાં ક્લેશ થતાં લીલાસહિત પ્રકટ થઈ આપે વિરહક્લેશ દૂર કરી આનંદદાન કર્યું. તેથી જ અલૌકિકસામર્થ્ય કે તનુનવત્વને આચાર્યચરણ સેવાફલ કહે છે. વળી વૈકુંઠાદિધામમાં સેવોપયોગી દેહ પણ સેવાનું જ ફલ કહ્યું છે. તેથી ''નિત્યલીલાના અનુભવ માટે અને ત્યાર બાદ નિત્યલીલાધામમાં પ્રવેશ કરી પ્રાણનાથની સાક્ષાત્ તત્સુખાત્મક સેવાનું સૌભાગ્ય સિધ્ધ થાય તેના માટેનું સાધન (આપણી ભૂતલસ્થિતિમાં) આપની આજ્ઞાનુસાર'' સાક્ષાત્ પ્રકટ સેવ્યસ્વરૂપની સાક્ષાત્ તત્સુખાત્મક સેવા જ છે, અને તે જ સૌભાગ્યસિધ્ધિ તથા ફલ છે.

### ઊંટવૈદું

''પતિવ્રતાનું સુખ તેના સાક્ષાત્ પતિથી જ છે. અન્યથી લેવાતું સુખ પતિવ્રતાભાવમાં લાંછનરૂપ છે. ... જે પતિવ્રતાસ્ત્રીનો પતિ પરદેશ ગયો હોય તેવી સ્ત્રીએ ખેલકૂદ, પરાયા ઘરે જવું, શૃંગાર ધરવા, સામાજિક ઉત્સવોમાં ભાગ લેવો, હાંસીમજાક કરવી —આ પાંચ કર્મોનો પતિવ્રતા ત્યાગ કરે છે. ... વસ્તુતઃ પ્રતિવ્રતાભાવનું રક્ષણ વિરહના અનુભવમાં જ થઈ શકે છે કારણકે વિરહમાં પ્રાણપ્રેષ્ઠવિના અન્ય કોઈનો પણ સંબંધ રહી શકતો નથી. અન્યનો સંબંધ થતાં જ વિરહભાવનું તિરોધાન થઈ જાય છે. પુષ્ટિસૃષ્ટિમાં પણ પતિવ્રતાભાવી જનોના ટોળા નથી, કોઈ

વિરલ જ આ ભાવને સિધ્ધ કરી શકે છે.''

યથાર્થચિકિત્સા

અહીં લેખકનો આશય એવો છે કે નિત્યલીલાસ્થ સ્વરૂપ પતિ છે, ભૂતલસ્થ સેવ્યસ્વરૂપ અન્ય છે અને તેથી સેવાસુખ ''પતિવ્રતાભાવમાં લાંછનરૂપ'' છે. સ્વરૂપમાં તારતમ્ય નથી તે તો આપણે જોઈ ગયા, તેથી સેવા કરવી એ જ પતિવ્રતાભાવનું રક્ષણ છે. તેથી જ અંતઃકરણપ્રબોધમાં આચાર્યચરણ આજ્ઞા કરે છે: ''કૃષ્ણાત્ પરં નાસ્તિ દૈવં વસ્તુતો દોષવર્જિતમ્ ... પ્રૌઢાપિ દુહિતા યદ્વત્ સ્નેહાત્ ન પ્રેષ્યતે વરે, તથા દેહે ન કર્તવ્યં વરઃ તુષ્યતિ નાન્યથા''. ''નંદનંદનકો નિજસેવક વ્હૈ દ્રઢ કર બાંહ ગહાવે હો'' કીર્તનાનુસાર આચાર્યચરણ જ કૃપા કરી આપણા સેવ્યસ્વરૂપ પ્રત્યેના પતિવ્રતાભાવનું ઉદ્બોધન કરે છે. રોજ સેવ્યસ્વરૂપ સમક્ષ ગદ્યમન્ત્ર બોલી ચરણારવિંદમાં તુલસી સમર્પવાનો નિત્યનિયમ લેવો પતિવ્રતાભાવ છે કે તેમાં લાંછનરૂપ? તેથી ''વસ્તુતઃ પતિવ્રતાભાવનું રક્ષણ'' સેવ્યસ્વરૂપની નિરન્તર સેવાદ્વારા જ થઈ શકે છે. કારણકે નિરન્તર સેવા કરતાં ''પ્રાણપ્રેષ્ઠવિના અન્ય કોઈનો પણ સંબંધ રહી શકતો નથી.'' સેવ્યસ્વરૂપ જ પ્રાણપ્રેષ્ઠ હોવાથી તેમનો ''સંબંધ થતાં જ વિરહભાવનું તિરોધાન થઈ જાય છે'' તે સ્વાભાવિક છે. શ્રીહરિરાયજીએ ''માર્ગસ્વરૂપનિર્ણય''માં વિસ્તારથી પતિવ્રતાભાવ કેવી રીતે જાળવવો તે સમજાવ્યું છે.

લેખક જો નિત્યલીલાસ્થ સ્વરૂપને જ પતિ માનતા હોય અને પોતે આદર્શ પતિવ્રતા હોવાના ભ્રમમાં હોય તો તેમણે શ્રીગોકુલનાથજીનું એક વચનામૃત વાંચવું જોઈએ જેમાં આપ પતિવ્રતાભાવ સમજાવતા આજ્ઞા કરે છે કે લીલાવતી નામની સ્ત્રીએ વિધવા થતાં કલ્પાંત કરતી સ્ત્રીને જોઈ કહ્યું કે તે પતિવ્રતા હોય તો પતિના વિરહમાં તેના પ્રાણ જ છૂટી જવા જોઈએ. પછી લીલાવતીના પતિએ પરીક્ષા લેતા ખરેખર તેણે પ્રાણત્યાગ કર્યો. લેખક જો પતિવ્રતા હોય તો આજ સુધી કેમ ભૂતલને અલંકૃત કરી રહ્યા છે? વળી જો તેઓ પ્રોષિતભર્તૃકા હોય તો કહેવાતા સત્સંગ અને બેફામ લેખોનો ત્યાગ કેમ નથી કરતા? અને પરાયા ઘરે તો તેઓ પડ્યા પાથર્યા રહેતા જ હોય છે. પતિવ્રતા પ્રોષિતભર્તૃકા શું આ કર્મોનો ત્યાગ ન કરે? આ તો ''ડાહી સાસરે ન જાય અને ગાંડીને શિખામણ આપે'' એવું છે. ખેર, પતિવિરહવ્રતાઓની તો કથા જ અલગ છે. છૂટાછેડા લેનાર સ્ત્રીમાટે કોઈ નિયમ નથી, કાંઈપણ કરી શકે છે. સાચો પતિવ્રતાભાવ કેવો હોય તે તો સેઠ પુરુષોત્તમદાસની બેટી રુકૃમિણી કે શ્રીગોકુલનાથજીના સેવક તાદશી ભગવદીય જેવાઓની વાર્તાથી કાંઈક સમજમાં આવે છે. પુષ્ટિમાર્ગનું દુર્ભાગ્ય ગણો તો દુર્ભાગ્ય અને



ગૌરવ ગણો તો ગૌરવ એ જ છે કે ''કોઈ વિરલ જ આ ભાવને સિધ્ધ કરી શકે છે'', મોટા ભાગના તો આવા પતિના વિરહનું વ્રત લેનારા જ હોય છે.

ઉંટવૈદનિદાન

''પ્રભુ જ્યારે મથુરા પધાર્યા ત્યારે પતિવ્રતાભાવી શ્રીગોપીજનોની કેવી સ્થિતિ હતી તેનું વર્ણન શ્રીપરમાનંદદાસે પદમાં કર્યું છે– મેરો મન ગોવિન્દસોં માન્યો ... જૈસે રહત બટાઉ.''

યથાર્થનિદાન

આ કીર્તન કાંઈ ''સમાનશીલવ્યસન'' ચેલાઓ સમક્ષ ગળગળા સાદે અશ્રુપાત સાથે સંપ્રદાયમાં ગાવામાં નથી આવતું, તે તો વ્રજસ્થ પ્રભુની સન્મુખ રચાયું ગવાયું છે અને આજે પણ ગવાય છે. તેમાં મથુરાગમનનો કોઈ ઉલ્લેખ નથી. આ કીર્તનનો ભાવ સ્પષ્ટ છે કે ''શ્રીગોપીજનો સંયોગાત્મક અવતારસ્વરૂપ અને આ સ્વરૂપે કરેલી લીલાથી નિરપેક્ષ'' નથી. ગોવિંદનો અનુભવ થાય તો મન તેમનાથી માને અને તો આવી સ્થિતિ થાય, ''સેવાની ભાંજગડમાં'' પડ્યાવિના નહીં.

ઊંટવૈદું

''શ્રીમદાચાર્યચરણે સિધ્ધાન્તમુક્તાવલીમાં શ્રીકૃષ્ણનું સ્વરૂપ ત્રિવિધાકારે બતાવ્યું છે ... સાક્ષાત્ સન્મનુષ્યાકાર તે શ્રીકૃષ્ણનું આધિદૈવિક સ્વરૂપ છે ... આ આધિદૈવિક સ્વરૂપનો અનુભવ નિત્યલીલાધામમાં જ થઈ શકે છે કારણકે અગણિતાનંદનો અનુભવ અપરિચ્છિન્ન સત્તાથી થાય છે અને અપરિચ્છિન્ન સત્તાનું અધિષ્ઠાન લીલાધામ છે, ભૂતલ નહીં. વિજ્ઞ વિચારણીય છે''.

યથાર્થચિકિત્સા

''સાક્ષાત્ સન્મનુષ્યાકાર''થી લેખકને શ્રીવલ્લભાષ્ટકના પ્રથમ શ્લોકમાં ''ભૂમૌ યઃ સન્મનુષ્યાકૃતિઃ અતિકરુણઃ તં પ્રપદ્યે હુતાશમ્''થી વર્ણિત શ્રીમહાપ્રભુજી અભિપ્રેત હોય તો તેમણે ''ઘોષાધીશં તદેમે કથમપિ મનુજાઃ પ્રાપ્નુયુઃ નૈવ દૈવી સૃષ્ટિઃ વ્યર્થા ચ ભૂયાત્ નિજફલરહિતા દેવ વૈશ્વાર એષા''નું સ્વારસ્ય સમજવું જોઈએ. વળી 'ભૂમૌ' અને 'ન આવિર્ભૂયાદ્ ભવાંશ્ચ અધિધરણિતલં' પદથી સ્પષ્ટ છે કે અહીં પણ ભૂતલસ્થની વાત છે, નિત્યલીલાસ્થની નહીં. ખેર.

સિધ્ધાન્તમુક્તાવલીમાં તો ''પરં બ્રહ્મ તુ કૃષ્ણો હિ''ની વાત છે; ''યથા દેવી તથા કૃષ્ણઃ''. ''તત્રૈવ દેવતામૂર્તિઃ ભક્ત્યા યા દશ્યતે ક્વચિત્''ની

ટીકામાં શ્રીપ્રભુચરણ આજ્ઞા કરે છે– ‘‘એતેન પ્રપંચમધ્યે એવ ભગવદાકાર-ભગવદ્ભક્તયોઃ દર્શને ભગવતિ સ્નેહાતિશયેન તત્ર ભગવદભેદબુધ્ધયે તત્ર ભગવત્પ્રાકટ્યં ભવતિ’’. વળી આગળ જોઈ ગયા તે મુજબ સેવ્યસ્વરૂપ કૃષ્ણ નથી તેમ કહેવું આચાર્યચરણના હ્દયસર્વસ્વ શ્રીકૃષ્ણ નથી તેમ કહેવા સમાન અપરાધ છે. ‘‘અગણિતાનંદનો અનુભવ’’ અગણિતાનંદની કૃપાથી થાય છે. તે ભૂતલમાં ય થઈ શકે છે ને નિત્યલીલામાં ય ; ‘‘અનુગ્રહો પુષ્ટિમાર્ગે નિયામકઃ ઈતિ સ્થિતિઃ’’. સવાલ અધિષ્ઠાનની અપરિચ્છિન્ન સત્તાનો નથી, સવાલ અગણિતાનંદની અપરિચ્છિન્ન સત્તાનો છે. આચાર્યચરણ આજ્ઞા કરે છે— ‘‘અણ્વપિ બ્રહ્મ વ્યાપકં ભવતિ. યથા કૃષ્ણો યશોદાક્રોડે સ્થિતોપિ સર્વજગદાધારો ભવતિ’’. વામન અને નૃસિંહાવતારમાં પ્રભુએ પોતાની અપરિચ્છિન્ન સત્તા બતાવી જ છે. ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં પણ આવા અનેક દૃષ્ટાન્તો છે જ. લાહોરમાં વસતા શ્રીગુસાંઈજીના સેવકને શ્રીનાથજી નિત્ય દર્શન આપે, શ્રીલલિતત્રિભંગીરાયજી દેવાકપૂરને ત્યાંથી અન્તર્ધાન થઈ શ્રીગુસાંઈજીની સેવક સ્ત્રીને ત્યાં પ્રકટ થાય, વગેરે શું સેવ્યસ્વરૂપોની અપરિચ્છિન્ન સત્તાના દ્યોતક નથી?

સાકારબ્રહ્મવાદમાં ભૂતલસ્થ અને નિત્યલીલાસ્થ, પરિચ્છિન્નસત્તાવાળા અને અપરિચ્છિન્નસત્તાવાળા, વગેરે ભેદ કેટલા છીછરા છે તે દર્શાવવા શ્રીમથુરાધીશજીના પ્રાકટ્યનું આ વર્ણન પર્યાપ્ત છે— ‘‘પ્રાતઃકાલકો સમય હૈ ઔર શ્રીયમુનાજીકો કરાડો ટૂટ્યો. તામેંતેં એક ભગવત્સ્વરૂપ જૈસે તાડકો વૃક્ષ (હોય) ઈતને બડે, શ્રીઆચાર્યજીકે આગે આઈ કહે: મેરી સેવા કરો. તબ શ્રીઆચાર્યજી કહે: મહારાજ! યા કાલમેં વૈષ્ણવકી સામર્થ્ય નાહીં જો આપકી સેવા-શૃંગાર કરે. સેવા કરાઈવેકો મનોરથ હોઈ તો ભક્તનસોં પધરાયે જાય (ઐસે) ગોદમેં બૈઠો તબ સેવા હોઈ. તબ છોટો સ્વરૂપ કરિ શ્રીઆચાર્યજીકે ચિબુકસોં મસ્તક શ્રીઠાકુરજીકો લગ્યો ઈતને બડે ભયે. સો સ્વરૂપ શ્રીયમુનાજી-ગિરિરાજ-સખા-સખી-ગૌ-કુંજ ચૌરાસી કોસ સગરો સ્વરૂપાત્મક ચિહ્ન સહિત હૈ. તાતેં શ્રીઆચાર્યજી શ્રીમથુરાનાથજી નામ ધરે. (ઔર) પદ્મનાભદાસસોં કહે: ક્યોં તેરો મનોરથ ભયો? તબ પદ્મનાભદાસ પ્રેમમેં વિહ્વલ હોઈ કહે: મહારાજ! આપ સરીખે મેરે ધની હો. આપુકી કૃપાતેં કહા ન હોઈ? તબ શ્રીઆચાર્યજી કહે: યથાલાભસન્તોષ કરિ ભાવપૂર્વક સેવા કરિયો. તબ આજ્ઞા માંગિ શ્રીમથુરાનાથજીકોં કન્નૌજમેં અપને ઘર પધરાઈ લાયે. પ્રીતિપૂર્વક સેવા કરન લાગે.’’

અપરિચ્છિન્ન સત્તાનું લીલાધામ અધિષ્ઠાન છે તે કબૂલ, પણ જ્યારે ભૂતલપર પ્રકટ થઈ પ્રભુ લીલા કરે તો ભૂતલ પણ લીલાધામ જ છે અને તે ભૂતલસ્થ પ્રભુ પણ લીલાસ્થ જ છે. મૂળ વાત એ છે કે



લીલાસ્થ પ્રભુ અગણિતાનંદ છે અને અગણિતાનંદનો અનુભવ કરાવનારા છે; ભૂતલ કે ગોલોકનો સવાલ જ નથી. પોતાને માથે બિરાજતા શ્રીઠાકોરજી સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ જ છે એવા દૃઢ વિશ્વાસથી જ સેવા કરાય. તેથી જ કદાચ શ્રીઆચાર્યચરણે ‘‘શુધ્ધાશ્ચ સુખિનશ્ચૈવ બ્રહ્મવિદ્યાવિશારદાઃ ભગવત્સેવને યોગ્યાઃ, ન અન્યઃ’’ એમ આજ્ઞા કરી હશે.

આવા આવા ઊંટવૈદાં કરી કરીને લેખક પુષ્ટિમાર્ગીઓને જાણ્યે અજાણ્યે કૃષ્ણસેવાથી વિમુખ કરી તેમની માર્ગનિષ્ઠા તોડી આચાર્યચરણ અને શ્રીહરિરાયજી પ્રતિના તેમના આદરભાવને બહેકાવી સિધ્ધાન્તોની પરેજી તોડાવી ન ઘરના ન ઘાટના કરી મૂકી તેમના માર્ગમાં સ્વાસ્થ્યને અક્ષમ્ય હાનિ પહોંચાડે છે. સ્વરૂપતારતમ્યવિચાર સર્વથા બહિર્મુખતાસમ્પાદક અને લીલાધામમાં કે પુષ્ટિમાર્ગમાં પ્રવેશથી વંચિત કરનાર છે. ગયા સો-બસો વર્ષમાં આના સેંકડો દૃષ્ટાન્તો સમ્પ્રદાયે જોયા જ છે. બસ, હવે બહુ થયું. આચાર્યવચનોનું નિરન્તર ચિન્તન કરી આવો ઘાતક વિચાર પોતાને સ્પર્શે પણ નહીં તેની તકેદારી દરેક જાગૃત પુષ્ટિમાર્ગીએ રાખવી જ રહી; પછી તે આચાર્ય હોય કે અનુયાયી. વણદેખાતા ખડકોથી માર્ગની નાવ અફળાઈ ન જાય તે માટે ભક્તિસાગરમાં આચાર્યોએ તેમના વચનામૃતોરૂપી દીવાદાંડી ઠેરઠેર ગોઠવી જ છે. તે દીવાઓનો પ્રકાશ ‘‘નવપ્રકાશ’’ના વાચકો સુધી નવપ્રકાશ પહોંચાડતું રહી અધઃપાતથી બચાવી માર્ગની નાવને અગ્રેસર કરતું રહે એ જ શુભેચ્છા.

લિ. અસિત શાહ

પ્રતિ– વલ્લભપાદપદ્મમિલિન્દ,
સંપાદક વૈષ્ણવવાણી-સત્સંગ-વૈષ્ણવપરિવાર-વલ્લભસુધા,
વ્યવસ્થાપક શ્રીવલ્લભવિટ્ઠલગ્રન્થપ્રકાશન ટ્રસ્ટ, પુષ્ટિપરાગવૈષ્ણવવિહાર - સિહોર.

નોંધ– આ પત્ર મળ્યા બાદ વલ્લભપાદપદ્મમિલિન્દે સામયિકોમાં લેખો મોકલવાનું બંધ કરેલ. વર્ષો પછી હું તેમને રૂબરૂ જઈ મળ્યો ત્યારે તેમણે મૌખિક પ્રત્યુત્તર આપવાનો પ્રયાસ કરતાં મેં તેમને લેખિતમાં આપવા આગ્રહ કર્યો. ‘‘મારે હવે આ માયાવાદ-વિવાદમાં નથી પડવું’’ કહી તેમણે તેમ કરવું નકાર્યું.

卐